<u>ઈ-મેઈલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )
<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર
(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર
(gswan-conn@gujarat.gov.in)
(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ
<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.
<u>**નંબર**</u> :- કોમ્પ્યુટર/વેબસાઈટ અપલોડ/૩૫૬/૨૦૨૪, તા.૩૦/૦૯/૨૦૨૪
<u>**વિગત**</u> **:-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઈમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઈટી/૧૦૨૦૧૧/૩૦/આઈટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૩/૦૯/૨૦૨૪ થી તા.૨૯/૦૯/૨૦૨૪** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે**.**

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચા/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

**(૧)** તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી વાય.જી.માથુકીયા તથા પો.સબ.ઈન્સ. એ.સી.નિમાવત તથા વુમન એ.એસ.આઈ એમ.કે.મોકરીયાનાઓ સાથે રહી છાયા વિસ્તારમાં આવેલ સરકારી કન્યા શાળામાં જઈને સી ટીમની કામગીરી કરેલ. જેમા સરકારી કન્યા શાળાના બાળકોને ગુડટચ બેડટચ વિશેની માહિતી આપેલ. તેમજ નાની બાળાઓને જાહેર રોડ ઉપર ચાલવું, સુમસાન રસ્તા ઉપર એકલું જવુ નહી તે અંગે સમજ કરેલ. તેમજ તમારા ઘરના કોઇ પણ સભ્ય પપ્પા, ભાઈ, કાકા, ફુવા, મામા વિગેરે તમોને ખરાબ રીતે તમારા કોઇ પણ શરીરના ભાગને સ્પર્સ કરેતો પહેલા તમારા મમ્મીને અથવા તમારા સ્કુલના ટીચરને જાણ કરવી અને તેમ છતા તે વ્યક્તિ સુધરતોના હોય તો મહિલા પોલીસ સ્ટેશન આવીને તેના વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરાવવી તેવી સમજ કરેલ. તેમજ મોબાઈલનો ઉપયોગ ઓછો કરવો અને મોબાઈલમાં આવતી એપ ઇન્સ્ટાગ્રામ, ફેસબુક જેવા એપનો ઉપયોગ કરવો નહીં અને ઉપયોગ કરો તો તેમાં કોઇ પણ મીત્ર બનાવવા નહીં તેવી સમજ કરેલ. તેમજ સાયબર ક્રાઇમ વિષેની માહિતી આપેલ તેમજ સાયબર હેલ્પ લાઇન નંબર-૧૯૩૦ ની જાણકારી આપેલ અને કોઇ જો સાયબર ક્રાઇમના ભોગ બનેતો સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન જઇ ફરીયાદ કરવી તેવી સમજ કરેલ તેમજ તેમજ ડાયલ ૧૦૦ નંબર તથા મહીલા હેલ્પ લાઇન નં.૧૮૧ ની મદદ કઈ રીતે લઈ શકાય તે અંગે સમજ કરેલ.

**મુદ્દા નંબર ૩:- ટ્રાફીક અંગેના કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હોય**

**(૧)** તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી વાય.જી.માથુકીયા તથા પો.સબ.ઈન્સ. એ.સી.નિમાવત તથા વુમન એ.એસ.આઈ એમ.કે.મોકરીયાનાઓ સાથે રહી છાયા વિસ્તારમાં આવેલ સરકારી કન્યા શાળામાં વિદ્યાર્થીઓને નવા ટ્રાફિક નિયમો જેવા કે ૧૮ વર્ષથી નીચેના બાળકોને વાહન ચલાવવું નહીં અને જો વાહન ચલાવતા પકડાઇ જશેતો તેમના પપ્પાનું લાઇસન્સ રદ થઇ જશે અને રૂ.૨૫૦૦૦/- દંડ ભરવો પડશે. તેમજ ટ્રાફીકના નિયમોનુ પાલન કરવા અંગે સમજ કરેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરી:-**

**(૧)** તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના શી ટીમ દ્વારા સ્કૂલ/કોલેજ તેમજ વાડીપ્લોટ/ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.

**(૨)** તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ની શી ટીમ દ્વારા ચોપાટી ભીડભાડ વાળી જગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ. જેમા મહીલાઓને જાગૃતિકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઈન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગે સમજ કરેલ.

**(૩)** તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ની શી ટીમ દ્વારા ચોપાટી ભીડભાડ વાળી જગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ. જેમા મહીલાઓને જાગૃતિકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઈન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગે સમજ કરેલ.

**(૪)** તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના શી ટીમ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

**(૫)** તા.૨૭/૦૯/૨૦૨૪ના રોજ મહિલા પો.સ્ટે.ના શી ટીમ દ્વારા તેમજ સુદામાચોક/બંગડી બાજાર/ચોપાટી/શાકમાર્કેટ/ભીડભાડ વાળા વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

**મુદ્દા નંબર ૬:- લોકહીતની બાબતો જે લોકોને તુરત ધ્યાન પર આવે તેવી બાબતો:-**

**(૧)** તા.૨૩/૦૯/૨૦૨૪ થી તા.૨૯/૦૯/૨૦૨૪ દરમ્યાન કિર્તીમંદીર પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા અરજદારોના ગુમ થયેલ મોબાઈલ નંગ-૦૨ CEIR PORTAL મારફત શોધી અરજદારોને પરત સોંપેલ છે.

**(૨)** તા.૧૧/૦૬/૨૦૨૪ ના રોજ હાર્બર મરીન પો.સ્ટે.ના અધિકારી તથા કર્મારીઓ દ્વારા સુભાષનગર વિસ્તારમાં આનંદ હોલ પાસે માછીમારો તથા પીલાણા/બોટ વોચ ગ્રુપ અવેરનેશ કાર્યક્રમ અંતર્ગત મીટીંગ કરી દરીયાકાંઠા વિસ્તારમાં કોઇ શંકાસ્પદ હીલચાલ કે ઇસમો માછીમારી દરમ્યાન જણાઇ આવે તો તાત્કાલીક પોલીસને તથા વાયરલેસ ની ૬ નંબરની ચેનલ તેમજ ઇમરજન્સી નં.૧૦૯૩ ઉપર ફોન કરી જાણ કરવા સમજ કરેલ.

**(૩)** તા. ૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ દ્વારા લેડી હોસ્પીટલ ખાતે મહિલાઓને વ્હાલી દિકરી યોજના અંતર્ગત મળતી સહાય વિશે, ભ્રણહત્યા વિશે તથા મહિલાઓને તેમની સુરક્ષા વિશે માહિતગાર કરેલ. જેમા મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોક્સો જેવા બનાવોમા પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે ડાયલ ૧૦૦ નંબર તથા મહીલા હેલ્પ લાઈન નં.૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય. તે વિશે માહીતગાર કરેલ.

**(૪)** તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ દ્વારા ભાવસિંહજી હોસ્પીટલ ખાતે મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોક્સો જેવા બનાવોમા પોલીસ તથા મહીલા હેલ્પ લાઈન નં.૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય. તેમજ સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી વિશે ની માહિતી આપેલી જેમા મહિલાઓ ને ઘરેથી કાઢી મુકેલા હોય કે નિ:સહાય હોય તેને આશ્રય તથા જરૂરી મદદ આપવામા આવે છે. પોલીસ પ્રજાનો મિત્ર છે. બિનસંકોચ મદદ માંગી શકો છો તે અંગે જરૂરી સમજ કરવામાં આવેલ.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર